# ગુજરાતના મુખ્ય રાજકીય પક્ષોએ મેળવેલ દાન અંગે વિશ્લેષણ

(નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫- ૧૬)

રાજકીય પક્ષોને તેમના રોજ બરોજના કામકાજ માટે તેમજ ચૂંટણી લડવા માટે તેમને મળતા દાન પર નિર્ભર હોય છે. આ દાન તેમને કોર્પોરેટ, વ્યક્તિગત અથવા ટ્રસ્ટ દ્વારા મળતું હોય છે. લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ ૨૯ સી (29 C) વીસ હજારથી ઉપર મળેલ દરેક દાનની વિગત ચુંટણી પંચને આપવાની થાય છે. નીચેનું વિશ્લેષણ **BJP, BSP, CPI, CPM, INC & NCP** પક્ષ દ્વારા ચૂંટણી પંચને આપેલ વિગતોના આધારે કરેલ છે.

- **BJP** ને છેલ્લા 5 વર્ષમાં ગુજરાતમાં સૌથી વધુ **80.45** કરોડનું દાન મળ્યું છે. આ દાન આપનાર **2186** દાતાઓ છે.
- કોંગ્રેસને પાંચ વર્ષ માં **14.09** કરોડ રૂપિયા **53** દાતાઓ પાસેથી મળ્યા છે.
- જયારે **CPM & BSP** ને છેલ્લા પાંચ વર્ષમાં એક પણ દાન ગુજરાત માંથી મળ્યું નથી.
- ૨૦૧૨-13 માં મળેલ દાન સૌથી વધુ **45.33** કરોડ છે.

ગુજરાતમાંથી પક્ષોને સૌથી વધુ દાન આપનાર દાતાઓ નીચે ઉજબ છે.

| પક્ષ | ક્રમ | દાતાનું નામ | રકમ | ચેક, ડી ડી , કેશ |
|---|---|---|---|---|
| **BJP** | **1** | ટોરન્ટ પાવર લીમીટેડ | **13,62,50,000/-** | ચેક |
| | **2** | ટોરન્ટ ફાર્માસ્યુટિકલ લીમીટેડ | **9,00,00,000/-** | ચેક |
| | **3** | કેડીલા હેલ્થકેર લીમીટેડ | **2,60,00,000/-** | ચેક |
| | **4** | ઝાયડસ હેલ્થકેર | **2,10,00,000/-** | ચેક |
| | **5** | આર એસ પી એલ લીમીટેડ | **2,00,00,000/-** | ચેક |
| | | | | |
| **INC** | **1** | ટોરન્ટ પાવર લીમીટેડ | **5,50,00,000/-** | ચેક |
| | **2** | ટોરન્ટ ફાર્માસ્યુટિકલ લીમીટેડ | **3,50,00,000/-** | ચેક |
| | **3** | કેડીલા હેલ્થકેર લીમીટેડ | **1,00,00,000/-** | ચેક |

| | | | | |
|---|---|---|---|---|
| | 4 | ઝાયડસ હેલ્થકેર | 1,00,00,000/- | ચેક |
| | 5 | નિરમા કેમિકલ લીમીટેડ | 50,00,000/- | ચેક |
| | | | | |
| NCP | 1 | ટોરન્ટ પાવર લીમીટેડ | 1,00,00,000/- | ચેક |
| | 2 | ટોરન્ટ ફાર્માસ્યુટિકલ લીમીટેડ | 1,00,00,000/- | ચેક |
| | 3 | કેડીલા હેલ્થકેર લીમીટેડ | 1,00,00,000/- | ચેક |
| | | | | |
| CPI | 1 | સુરત જીલ્લા કાઉન્સિલ | 31,000/- | ચેક  પાર્ટી ફંડ |
| | 2 | ગુજરાત રાજ્ય કાઉન્સિલ | 25,000/- | ચેક પાર્ટી ફંડ |
| | 3 | રાજકુમાર સિંગ, સેક્રેટરી, ગુજરાત સ્ટેટ | 25,000/- | ચેક પાર્ટી ફંડ કલેક્શન |

| ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન મળેલ દાન ની વિગત | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પક્ષ | 2011-12 | | 2012-13 | | 2013-14 | | 2014-15 | | 2015-16 | | કુલ | |
| | રકમ | દાતાઓ | રકમ | દાતાઓ | રકમ | દાતાઓ | રકમ | દાતાઓ | રકમ | દાતાઓ | રકમ | દાતાઓ |
| **BJP** | 0.92 | 48 | 38.876 | 1698 | 18.173 | 158 | 19.394 | 150 | 3.08 | 132 | **80.45** | **2186** |
| **INC** | 0.38 | 4 | 6.45 | 14 | 2.00 | 2 | 3.525 | 7 | 1.74 | 26 | **14.09** | **53** |
| **NCP** | 0 | 0 | 0 | 0 | 1.00 | 1 | 2.00 | 2 | 0 | 0 | **3.00** | **3** |
| **CPI** | 0 | 0 | 0 | 0 | 0.0056 | 2 | 0.0025 | 1 | 0.0010 | 1 | **0.0091** | **4** |
| **CPM** | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **0** |
| **BSP** | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** | **0** |
| **Grand Total** | **Rs 1.30 cr** | **52 donations** | **Rs 45.33 cr** | **1712 donations** | **Rs 21.18cr** | **163 donations** | **Rs 24.92cr** | **160 donations** | **Rs 4.82cr** | **159 donations** | **Rs 97.55 cr** | **2246 donations** |




- તમામ પક્ષોને મળેલા કુલ **97.55** કરોડ દાન માંથી **18.66** કરોડ રકમ અંગે પાન-કાર્ડ નંબર જાહેર કરેલ નથી. જે કુલ દાનના **19.03 %** ટકા જેટલા થાય છે.
- **BJP** ને સૌથી વધુ એટલે **10.18** કરોડ રૂપિયાનું દાન અને ત્યાર બાદ **INC** ને **8.47** કરોડ રૂપિયાનું દાન પાન કાર્ડની વિગત વગર મળેલ છે.
- **CPI** ને જે દાન મળેલ છે (છેલ્લા પાંચ વર્ષ માં) તેમાં એકમાં પણ પાન કાર્ડ ની વિગતો નથી.
- કુલ દાન માંથી **91.56** કરોડ રૂપિયા ચેક અથવા ડી.ડી દ્વારા મળેલ છે. **35** લાખ રૂપિયાનું દાન રોકડેથી મળેલ છે, જયારે **5.64** કરોડ રૂપિયાના દાનમાં કેવી રીતે મળ્યું તે વિગત અધુરી છે.



એ.ડી.આર ની ભલામણો :-

- ચૂંટણી પંચે પક્ષોની કાર્યપદ્ધતિ માં પારદર્શિતા આવે તે માટે અને ચુંટણી પ્રક્રિયા વધુ સ્વતંત્ર અને યોગ્ય બને તે માટે માર્ગદર્શિકા બહાર પાડી છે. કોંગ્રેસ પક્ષ તરફથી દાન અંગેની વિગતો વાંધા સાથે રજુ કરવામાં આવી છે. આ પ્રકારનું વલણ પારદર્શિતાના સિદ્ધાંતોના વિરુધ છે.
- પક્ષોને દાન આપતા તમામ દાતાઓની વિગત જનતા માટે ખુલ્લી હોવી જોઈએ. આપણા પાડોશી દેશ જેવા કે ભૂતાન, નેપાળમાં આ વિગતો નાગરિકોને મળે છે. તેમજ અમેરિકા, જર્મની, બ્રાઝીલ, બલ્ગેરિયા, ઇટલી, ફ્રાંસ જેવા દેશોમાં તે માટે જોગવાઈ છે.
- જે પક્ષ ઓડીટ રીપોર્ટ અંગેના ICAI ના માર્ગદર્શિકા ને માનતા નથી તેમના રીપોર્ટ ઇન્કમ ટેક્ષ વિભાગે તપાસવા જોઈએ.
- રાષ્ટ્રીય અને ક્ષેત્રીય પક્ષોએ તેમના નાણાકીય બાબતોની માહિતી માહિતી અધિકાર કાયદા અંતર્ગત આપવી જોઈએ. તેનાથી પક્ષોની પારદર્શિતા અને વિશ્વનીયતા વધશે અને ચૂંટણી પ્રક્રિયા, અને લોકશાહી પ્રક્રિયા વધુ મજબૂત થશે.

આભાર સહ,

ગુજરાત ઈલેક્શન વોચ વતી,



પંક્તિ જોગ

માહિતી આધીઅર ગુજરાત પહેલ

**(09909006791)**